નં.ડીએમ/ પરીક્ષા/૨૦૪-૨/૨૦૨૩
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી,
જામનગર. તા.૦૮/૦૪/૨૦૨૩

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ અન્વયેનો હુકમ

આગામી તા.૦૯/૦૪/૨૦૨૩ ને રવિવાર ના રોજ ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા જુનિયર કલાર્ક સંવર્ગની લેખીત પરીક્ષાઓ યોજાનાર છે. જે પરીક્ષા દરમ્યાન અન્ડર ગ્રાઉન્ડ વીજ લાઇન ખોદવાના કારણે વીજ પુરવઠો ખોરવાઈ છે જેથી પરીક્ષાઓ દરમ્યાના વિજ પુરવઠો જળવાઈ રહે તે હેતુસર જામનગર જિલ્લામાં આવેલ અન્ડર ગ્રાઉન્ડ વીજ લાઇન આવેલ હોય તેવા વિસ્તારમાં ખોદકામ કરવા પર પ્રતિબંધ મુકવા ચીફ ડિસ્ટ્રીકટ કો–ઓર્ડીનેટર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગરના તા.૨૪/૦૩/૨૦૨૩ ના પત્ર નં.મહેકમ–૪–વર્ક/૧૧૦૯–૧૧૧૨/૨૦૨૩ થી દરખાસ્ત મળેલ છે.

તેથી હું, **ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર, જિલ્લો: જામનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ મુજબ** મને મળેલી સતાની રૂઇએ ફરમાવુ છું કે,

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા જુનિયર કલાર્ક સંવર્ગની જામનગર જિલ્લામાં લેખીત પરીક્ષાઓ અન્વયે પરીક્ષા કેન્દ્રો પર અવિરત વીજ પુરવઠો જળવાઈ રહે તે હેતુસર જામનગર જિલ્લામાં અન્ડર ગ્રાઉન્ડ વીજ લાઇન આવેલ હોય તેવા વિસ્તારમાં તા.૦૯/૦૪/૨૦૨૩ ના રોજ સવારના ૦૯.૦૦ થી ૧૪.૦૦ કલાક સુધી ખોદકામ કરવા પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ જાહેરનામાંની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે ચીફ ડિસ્ટ્રીકટ કો–ઓર્ડીનેટર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જામનગરએ બહોળી પ્રસિધ્ધિ કરવી. આ હુકમનો ભંગ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ–૧૮૮ તળે શિક્ષાપાત્ર થશે.

આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ પગલા લેવા માટે પી.જી.વી.સી.એલ. ના નાયબ ઈજનેરથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીઓને ભારતના ફોજદારી અધિનિયમ–૧૮૬૦ (૪૫ અધિનિયમ) ની કલમ–૧૮૮ અન્વયે ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૮માહે : **એપ્રિલ–૨૦૨૩** ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયો.

Office of the District Magistrate
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી જામનગર જિલ્લો
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય
Jamnagar District

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

નકલ સવિનય રવાના :–
પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રી, જામનગર

નકલ રવાના :–
૧. કમિશ્નરશ્રી, જામનગર મહાનગરપાલિકા, જામનગર
૨. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર.

૩.	જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર

...ઉકત જાહેરનામાંની વધારાની નકલો કરાવી સંબંધકર્તા પરીક્ષા કેન્દ્રો પર પ્રસિધ્ધ કરી તે અંગેના રોજકામની નકલો આપના દફતરે રાખવા સારું.

૪.	સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર(શહેર/ગ્રામ્ય)/લાલપુર/ધ્રોલ

૫.	મામલતદારશ્રી, જામનગર(શહેર/ગ્રામ્ય), લાલપુર/જામજોધપુર/કાલાવડ/ધ્રોલ/જોડીયા

૬.	અધિક્ષક ઈજનેરશ્રી, પી.જી.વી.સી.એલ., લાલ બંગલા સર્કલ, જામનગર

... ઉકત જાહેરનામાં મુજબ કાર્યવાહી કરવા સારૂ.

૬.	મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

...ઉકત જાહેરનામું સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી તેની બે નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ.

૭.	નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર.

...ઉકત હુકમની અખબારી યાદી રૂપે રાજકોટ તેમજ જામનગરથી પ્રસિધ્ધ થતા દૈનિક વર્તમાનપત્રોમાં વિનામુલ્યે પ્રસિધ્ધી અપાવવા સારૂ.

૮.	જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગર

૯.	સિલેકટ ફાઈલે

E:\DCH\D.M.DCH\NOTIFICATION\EXAMINATION JAHERNAMA\2023\Main file.docx